કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન સર્વ નેતૃત્વની સામાજિક પ્રવૃત્તિ 'કીપ સ્માઈલીંગ' અંતર્ગત ગ્રુપના સભ્ય સેવા એલડીઆરપી, નર્સિંગ સહિત અન્ય કોલેજના વિદ્યાર્થીઓ તેજશ કોઈસા, તૃષ્ણા પ્રજાપતિ, હિરલ પ્રજાપતિ, ગુંજન, પનારા, હેતલ કટારા, અર્પિતા, હિરેન, તહેર તથા સૂરજ મુંજાની અને અન્ય વિદ્યાર્થીઓએ સિવિલ હોસ્પિટલના ચિલ્ડ્રન વોર્ડમાં જઈ જોકરના મેકઅપ,




ચશ્મા-ટેટુ ચિતરાવી બાળદર્દીઓના ચહેરા પર સ્મિત ફરકાવ્યું હતું.

Scanned by CamScanner

# NSS માં નવા જોડાયેલા સ્વયં સેવકોના આવકાર સમારોહ

અશ્વિનભાઈ પટેલ કોમર્સ કોલેજના એનએસએસ યુનિટામાં નવા જોડાયેલા વિદ્યાર્થીઓને આવકારવાનો કાર્યક્રમ પ્રિ. ડો. વિજ્ઞા ઓઝાની ઉપસ્થિતિમાં યોજાઈ ગયો. જુના સ્વયંસેવકોએ સાંસ્કૃતિક કૃતિઓથી સભર કાર્યક્રમ



પ્રસ્તુત કર્યો હતો. પ્રોગ્રામ ઓફિસર ડો. રણછોડ રથવીએ એનએસએસના માધ્યમથી સ્વયંસેવક તરીકેની જવાબદારી થકી વ્યક્તિત્વ વિકાસ અને સમાજસેવાકીય પ્રવૃત્તિઓ સંદર્ભે માર્ગદર્શન આપ્યું હતું. આ પ્રસંગે પ્રા. સમીરભાઈ પંડ્યા, ડો. ધર્મેન્દ્ર પટેલ તથા એનએસએસના સ્વયંસેવકો ઉપસ્થિત રહ્યાં હતાં.

Scanned by CamScanner

# પ્રથમ વર્ષના વિદ્યાર્થીઓ માટે આવકાર કાર્યક્રમ

અશ્વિનભાઈ એ. પટેલ કોમર્સ કોલેજ દ્વારા પ્રથમ વર્ષ બી.કોમ.ના વિદ્યાર્થીઓને આવકારવા માટે યોજાયેલ કાર્યક્રમમાં દ્વિતીય-તૃતિય વર્ષના



વિદ્યાર્થીઓએ સાંસ્કૃતિક કૃતિઓ પ્રસ્તુત કરવા ઉપરાંત વિદ્યાર્થી પ્રતિનિધિ મંડળની જાહેરાત કરવામાં આવી હતી. પ્રથમ વર્ષના વિદ્યાર્થીઓ માટેની મિ. ફ્રેશર અને મિસ ફ્રેશરની સ્પર્ધામાં અનુક્રમે સ્વપ્નીલ ગઢવાલ અને ન્યુતિ પટેલની પસંદગી થઈ હતી. કોલેજના આચાર્યા ડો. વિજ્ઞા ઓઝા અને કલ્ચર કો.ઓર્ડિનેટર ડો. ધર્મેન્દ્ર પટેલની રાહબરી હેઠળ કાર્યક્રમ સફળતાપૂર્વક સંપન્ન થયો હતો. નિર્ણાયક તરીકે ડો. નિરવ જોષી અને ડો. વર્ષાબેન પારેખે સેવા આપી હતી.

Scanned by CamScanner